ક્રમાંક: જીઆઇડીસી/એએલટી/ ૦૨૯
પોસ્ટ-વિતરણ/પોલિસી/
જીઆઇડીસી, વડી કચેરી,
ગાંધીનગર.
તા- ૦૮/૧૦/૨૦૨૦

// સુધારા પરિપત્ર //

વિષય : તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં વપરાશ શરૂ કરનાર ફાળવણીદારને વપરાશની સમય-મર્યાદામાં વધારો કરવા અંગેની અરજી કરવાની સમય-મર્યાદામાં વધારો કરવા તેમજ મુળ ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં તેમના કાયદેસરના વારસદારની તરફેણમાં તબદીલી કિસ્સાના અને ફાળવણીદારનો ૧૦૦ ટકા હિસ્સો જળવાતો હોય તેવા નેમ ચેંજના કિસ્સાઓને મંજુરી આપવા બાબત.

સંદર્ભ :
૧. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ એએલટી/ પોલિસી/ પોસ્ટ-વિતરણ/ પોલિસી/ ૦૧૬, તા. ૧૯/૦૬/૨૦૨૦
૨. ગુજરાત સરકાર, નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : અપબ/ ૧૦૨૦૨૦/ ૧૦૮/ ૧૯૫૨૨૪/ ક, તા. ૦૫/૦૬/૨૦૨૦
૩. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ પોસ્ટ-વિતરણ/ પોલિસી/ ૧૦૬, તા. ૨૧/૦૭/૨૦૧૭
૪. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલિસી/ ૩૭, તા. ૨૮/૦૪/૨૦૧૬
૫. નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી/ ઓએન્ડએમ/ સીઆઇઆર/ વિતરણ/ પોલિસી- ૧(૮)૧૫, તા. ૩૦/૦૩/૨૦૧૦

ગુજરાત આત્મનિર્ભર પેકેજ હેઠળ કોવિડ-૧૯ની મહામારીથી ઉદ્‌ભવેલ પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિમાં રાજયના અર્થતંત્રને પુન: વેગવંતુ કરવા જારી કરવામાં આવેલ પેકેજ હેઠળ નિગમ દ્વારા જે ઔદ્યોગિક પ્લોટોના મોરેટોરિયમ પીરીયડ પૂર્ણ થયેલ છે કે જે ખુલ્લા હોય અથવા ઉત્પાદન શરૂ કરવાનું બાકી હોય તેવા ઉદ્યોગકાર જો ઉત્પાદન તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં શરૂ કરે તો તેવા ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપવા સારુ વણવપરાશી દંડની રકમ વસુલ લીધા વિના સમય-મર્યાદા તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધી વધારી આપવા ઓન-લાઇન અરજી કરવા પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી/ એએલટી/ પોલીસી/ પોસ્ટ વિતરણ/પોલીસી/૦૧૬ તા. ૧૯/૦૬/૨૦૨૦ જારી કરવામાં આવેલ છે. જે મુજબ ઔદ્યોગિક મિલકતના ફાળવણીદારને વપરાશની સમય-મર્યાદા વધારી આપવા બાબતે ઓન-લાઇન અરજી કરવાની સમય-મર્યાદા તા. ૨૪/૦૬/૨૦૨૦ થી શરૂ કરી ૯૦-દિવસ આપવામાં આવેલ. એસોસીએશન દ્વારા નિગમને ઓનલાઇન અરજી કરવાની સમય-મર્યાદામાં વધારો કરી આપવા રજૂઆત કરવામાં આવેલ.

નિગમના મહત્તમ ઉદ્યોગકારો સદર નીતિનો લાભ મેળવી તેઓનો ઉદ્યોગ શરૂ કરે તે હેતુસર સદર પરિપત્રની અન્ય બાબતો યથાવત રાખી ઓનલાઇન અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કરવા તથા મુળ ફાળવણીદારના મૃત્યુના કિસ્સામાં તેમના કાયદેસરના વારસદારની તરફેણમાં તબદીલી કિસ્સાના અને ફાળવણીદારનો ૧૦૦ ટકા હિસ્સો જળવાતો હોય તેવા નેમ ચેંજના કિસ્સાઓને મંજુરી આપવા અંગેના નિર્ણય થવા સારું નિગમના નિયામક મંડળની તા. ૨૨/૦૯/૨૦૨૦ ના રોજ યોજાયેલ ૫૦૮મી સભામાં

નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંક:૮/પો.વિતરણ/૫૦૮, તા.૨૨/૦૯/૨૦૨૦થી સાદર કરવામાં આવેલ. પ્રસ્તુત બાબતે નિગમ દ્વારા થયેલ ઠરાવ ક્રમાંક: ૫૨/ પો.વિતરણ/૫૦૮, તા. ૨૨/૦૯/૨૦૨૦ અન્વયે નીચે મુજબ પરિપત્રમાં સુધારો/વધારો કરવામાં આવે છે.

1. સદર પરિપત્ર અન્વયે ઓન-લાઇન અરજી કરવાની સમય-મર્યાદા તા. ૩૧/૧૨/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે. વધુમાં, જે ઔધોગિક મિલકતો ફાળવણી તારીખથી આજ પર્યંન્ત વણવપરાશી હોય તેવી ઔધોગિક મિલકતોના ફાળવણીદારો સદર નીતિ અંતર્ગત ઓન-લાઇન અરજી કરી લાભ મેળવી શકશે.
2. સદર નિતી અંતર્ગત જે ફાળવણીદારોને મિલ્કતના ઉપયોગની સમયમર્યાદા વધારી આપવામાં આવેલ છે અને ઉપયોગની સમયમર્યાદા દરમ્યાન નીચે મુજબની બે બાબતો કે જેમાં તબદીલી ફી વસુલવાની થતી ન હોઇ, જો રજૂઆત મળે તો આપી શકાશે.
   - મૂળ ફાળવણીદારના મૃત્યુ સમયે તેમના કાયદેસરના વારસદારની તરફેણમાં તબદીલી કિસ્સા અને
   - મૂળ ફાળવણીદારનો ૧૦૦ ટકા હિસ્સો જળવાતો હોય તેવા નેમ ચેંજના કિસ્સાઓમાં.
3. સદર નીતિ અંતર્ગત અર્થઘટન અંગેના પ્રસંગે સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ-વિતરણ)ને પાઠવવી.

-સહી-
(એમ.થેન્નારસન)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના :</u>

૧. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇંડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૨. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

૩. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... નિગમની વેબસાઇટ પર મૂકવા સારું.

રવાના કર્યું,

મેનેજર (મહેકમ)